EDII

Sandesh (Suppl.: Ahmedabad East)

July 03, 2022
Page No.05

# દિવ્યાંગજનને રોજગારી મળે તે માટે EDII દ્વારા સ્પેશિયલાઇઝ્ડ ટ્રેનર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

## ટ્રેનિંગ પ્રોગ્રામમાં ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસાવવા, તેમની સામેના પડકારોનો ઉકેલ જેવા વિષયો આવરી લેવામાં આવ્યાં

**સિટી લાઇફ |** ભારતીય ઉદ્યોગમિતા વિકાસ સંસ્થા (ઈડીઆઈઆઈ)એ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સમાજ સુરક્ષા નિયામક, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમના સહયોગથી ઈન્સ્ટિટ્યૂટમાં દિવ્યાંગજન સશક્તીકરણ કેન્દ્ર (સેડા)ની સ્થાપના કરી છે. દિવ્યાંગો વચ્ચે ઉદ્યોગસાહસિકતા, રોજગારી અને આજીવિકાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે આ સેન્ટરની સ્થાપના કરાઈ છે.



આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ક્ષમતા નિર્માણ અને તાલીમ દ્વારા દિવ્યાંગોની ઉદ્યોગસાહસિકતાની પ્રતિભાઓને બહાર લાવવાનો છે, જેથી એન્ટરપ્રાઈઝ નિર્માણ, રોજગારી અને આજીવિકાના ટકાઉ વિકલ્પો સુનિશ્ચિત કરી શકાય. આ અંતર્ગત ઈડીઆઈઆઈ કેમ્પસમાં તાજેતરમાં પાંચ દિવસીય રેસિડેન્શિયલ સ્પેશિયલાઈઝ્ડ ટ્રેનર્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં અમદાવાદ, ખેડા, સુરેન્દ્રનગર, દાહોદ, બોટાદ, આણંદ, મહેસાણા, વડોદરા, ભાવનગર, પોરબંદર અને કચ્છમાં કાર્યરત વિવિધ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના ૩૧ સહભાગીઓએ ભાગ લીધો હતો.આ પ્રોગ્રામનો હેતુ ગુજરાતના દિવ્યાંગજનો માટે ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રે તાલીમ હાથ ધરવા માટે ટ્રેનર્સની કેડર તૈયાર કરવાનો છે. તેમાં દિવ્યાંગજન વચ્ચે ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસાવવા, તેમની સામેના પડકારોનો ઉકેલ, તેમના આર્થિક વિકાસ માટે સરકારની વિવિધ યોજનાઓ, સ્વ-રોજગાર માટે તાલીમ પ્રોગ્રામના આયોજન વગેરે જેવાં ઉદ્યોગસાહસિકતા સંબંધિત વિષયોને આવરી લેવાયા હતા.

## આગામી સમયમાં EDII દ્વારા સાત પ્રોગ્રામ યોજાશે

દિવ્યાંગજનોને ધ્યાનમાં રાખીને EDII દ્વારા આગામી સમયમાં ગુજરાતમાં આ ટ્રેનર્સ સાત પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામ યોજશે, જેમાં આંત્રપ્રિન્યોર+શિપ અવેરનેસ પ્રોગ્રામ, કમ્યુનિટી આઉટરિચ પ્રોગ્રામ, આંત્રપ્રિન્યોરશિપ ઓરિએન્ટેશન પ્રોગ્રામ, થિમેટિક પ્રોગ્રામ, ડેવલપિંગ સોફ્ટ સ્કિલ પ્રોગ્રામ, લાઈવલીહૂડ પ્રોગ્રામ અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ જેવા વિવિધ પ્રોગ્રામ યોજાશે.અત્યાર સુધીમાં સીઈડીએના વિવિધ ક્ષમતા નિર્માણ કાર્યક્રમોથી ૨,૬૨૨ દિવ્યાંગજનોને લાભ થયો છે.